ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૬ ટકા ● સાંજે ૧૦ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી

ગાંધીનગર શહેરના સે-૨૨ સ્થિત શ્રી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા આજે ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સે-૨૨ જૈન ઉપાશ્રયથી સવારે ૮.૦૦ કલાકે ભગવાન મહાવીરની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા સે-૨૨ શોપીંગ સેન્ટર થઈ પંચદેવ મંદિર પાસેથી સે-૨૧માં પ્રવેશી હતી. સે-૨૧ના આંતરિક માર્ગો પર ફરીને ડિસ્ટ્રીકટ શોપીંગ થઈને ચ-૫ થઈને જૈન ઉપાશ્રય ખાતે શોભાયાત્રા પરત આવી હતી. બેન્ડવાજા અને સંગીતની સુરાવલી સાથે જૈન સમાજ સાથે જોડાયેલા પાત્રોમાં સુંદર વેશભુષા સાથે બાળકોએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. જયારે શોભાયાત્રામાં ૫૦૦થી વધુ શ્રાવક-શ્રાવિકાઓ જોડાયા હતા. જયારે દિવસ દરમિયાન પણ જૈન ઉપાશ્રય ખાતે વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

@ગાંધીનગર

● વિશ્વ હોમિયોપેથિક દિવસ નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પ સે-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન યોજાશે.

● રાયસણ વેરાઈ માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સવારે ૯ કલાકે યજ્ઞ પ્રારંભ થશે.

વાતવાતમાં

● પાટનગરમાં કાર્યરત અનેક સરકારી ઓફિસોમાં ઠંડા પાણી માટે લગાડાયેલા વોટર કૂલરો યોગ્ય મેન્ટેનન્સના અભાવે બંધ હાલતમાં છે. જે ઓફિસોમાં વોટર કૂલરો બંધ હાલતમાં છે તે ઓફિસના કર્મચારીઓ ભાગમાં પૈસા ઉઘરાવી બહારથી ઠંડા પાણીના જગ મંગાવી ઉનાળામાં તરસ છીપાવી રહ્યા છે.

ટીંટોડામાં પાણીના હોજમાં પડી જતા બાળકીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ટીંટોડા ગામમાં વડવાળા વાસમાં એક મકાનનું કન્સ્ટ્રકશન કામ ચાલી રહ્યું હોવાથી ચાર ફુટ ઉંડો પાણીનો હોજ બનાવ્યો હતો. આજે વહેલી સવારે બે વર્ષની બાળકી રમતા રમતા હોજમાં પડી જતા ડુબી જવા પામી હતી. બાળકીને તાત્કાલીક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જો કે તેણીનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે અક્સ્માત મોતનો ગુનો નોંધી ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

પુન્દ્રાસણ ગામને અડીને આવેલા ટીંટોડા ગામમાં વડવાળા વાસમાં એક મકાનમાં કન્સ્ટ્રકશનનું કામ ચાલી રહ્યું છે. આ ઘર આંગણે પાણીનો ચારેક ફુટ ઊંડો હોજ બનાવવામાં આવ્યો છે. આજે સવારના અરસામાં બે વર્ષની બાળકી કાવ્યા પરબતજી ઠાકોર હોજ નજીક રમી રહી હતી ત્યારે રમતા રમતા ખુલ્લા હોજમાં પડી ગઈ હતી. અચાનક ડુબતી બાળકી પર ધ્યાન જતા પરિવારજનો દોડી આવ્યા હતા અને હોજમાંથી કાવ્યાને બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે બાળકીની હાલત અત્યંત નાજુક જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જયાં સારવાર દરમિયાન તેણીનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. આ ઘટના અંગે પેથાપુર પોલીસને જાણ થતા જમાદાર લક્ષ્મણસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની ઉંડી તપાસ શરુ કરી હતી.

ઈ-કલેટના ભૂલકાંઓ પોતાના નામનો છોડ ઉછેરશે

ગાંધીનગર, તા.૯

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ઈ-કલેટ ઈન્સ્ટિટયુટ દ્વારા બાળકોને પર્યાવરણ તથા વૃક્ષો પ્રત્યે જાગૃત કરવા માટે અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બાળકોએ પક્ષી ઘર, ચકરડી, ફરકડી વગેરે બનાવ્યા હતા. આ પ્રસંગે સંસ્થા દ્વારા 'અપના નામ રોશન કરો' સ્પર્ધા અંતર્ગત બાળકોને વિવિધ છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો બાળકો પોતાના નામ આપી ઉછેર કરશે.

બાળકો નાની ઉંમરથી જ વૃક્ષો પ્રત્યે લાગણી કેળવે અને પર્યાવરણ ઈ-કલેટ સંસ્થા દ્વારા 'ગો-ગ્રીન'

જાળવણીનું મહત્વ સમજે તે હેતુથી અવેરનસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. બાળકોને આ કેમ્પમાં પર્યાવરણ અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી તથા તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બાળકોએ વિવિધ ચીજવસ્તુઓ બનાવવા ઉપરાંત વિવિધ રમતોનો પણ આનંદ ઉઠાવ્યો હતો. આ સાથે બાળકોએ પોતાને મળેલા છોડનું જતન કેવી રીતે કરવું તે અંગે પણ માહિતી મેળવી હતી. પર્યાવરણ અંગે બાળપણથી જ જાગૃતિ કેળવવાનો સંસ્થાનો આ પ્રયાસ બાળકો માટે ખૂબ જ આનંદદાયક બનવા પામ્યો હતો.

કોલવડા ગોરા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકાના કોલવડા ખાતે આર્યુવેદીક કોલેજ નજીક સોનીપુર રોડ પર આવેલ ગોરા હનુમાનજી મંદિરે તા. ૧૧મી એપ્રિલ ચૈત્ર સુદ પુનમે હનુમાન જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ હનુમાન જયંતિ મહોત્સવમાં બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો તમામ ભાવિક ભકતોએ દર્શનનો લાભ લેવા ગોરા હનુમાનજી મંદિરના મહંત પૂ. રામબાલકદાસજી બાપુએ નિમંત્રણ પાઠવ્યું છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્યક્રમ વોર્ડ નં.૧માં યોજાયો

ગાંધીનગર ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આજ રોજ વોર્ડ નં.૧ના ચરેડી છાપરા વિસ્તારમાં સાફ સફાઈ (સ્વચ્છતા) અભિયાન કરવામાં આવ્યું. જેમાં ભા.જ.યુ.મો. ના પ્રમુખ અમીતભાઈ પટેલ, ભાજપા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ તથા સ્થાનિક કોર્પોરેટર શ્રીમતી બરખાબેન જહા દ્વારા સાફ સફાઈ કરી સમગ્ર કાર્યક્રમને સારી રીતે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

દેશી દારૂની હેરાફેરી પણ હવે હાઈટેક બની

ફોર્ડ આઈકોન ગાડીમાં દેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સો પકડાયા : ચિલોડા પોલીસે ૨૫૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૯

વિદેશી દારૂમાં લકઝુરીયસ ગાડીઓ વપરાય છે તે હવે સમાન્ય વાત છે પરંતુ હવે દેશી દારૂની હેરાફેરી પણ હાઈટેક બની છે. ચિલોડા પોલીસે ગઈ સાંજે એક ફોર્ડ આઈકોન ગાડીમાં દેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને પકડીને દેશી દારૂની ૨૫૫ લીટર દારૂ ભરેલી પોટલીઓ જપ્ત કરી છે. બંને શખ્સો પાસેથી દારૂ અને ગાડી મળી રૂ. ૧.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસે દારૂ કયાંથી લવાયો અને કયાં લઈ જવાતો હતો તેની ઊંડી તપાસ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે દહેગામ ચિલોડા રોડ પરથી ફોર્ડ આઈકોન ગાડી આવી રહી છે તે ગાડીમાં દેશીદારૂની પોટલીઓ ભરેલા કોથળા છે તેને આધારે વોચ ગોઠવી પોલીસે અમદાવાદના સંજય દિનેશ વોરા અને હર્ષાંક ઉર્ફે પપ્પુ ભરત મકવાણા બે શખ્સોને દબોચી લઈ ફોર્ડ આઈકોન જપ્ત કરી લીધી છે. આઈકોન ગાડીમાંથી ૧૫ કટ્ટાઓ મળ્યા હતા જે એક કટ્ટામાં ૧૭ દેશી દારૂની પોટલીઓ હતી. કુલ રૂ. ૫૧૦૦ની કિંમતની ૨૫૫ પોટલીઓ એટલે કે ૨૫૫ લીટર દેશી દારૂ જપ્ત કરી ચિલોડા પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી લઈ દારૂની હેરાફેરી કયાંથી કયાં થવાની હતી તે સહિતની વિગતો પણ કઢાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઝુંડાલ હનુમાનજી મંદિરે અન્નકૂટ-મારૂતિ યજ્ઞ-સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ખાતે આવેલ હનુમાનજી મંદિરે તા. ૧૧મી એપ્રિલ ચૈત્ર સુદ પુનમે હનુમાન જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં મંદિર પરિસર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉજવાશે. જેમાં સવારે અન્નકૂટ દર્શન તથા ૯.૩૦ કલાકે મારૂતિ યજ્ઞ યોજાશે. આ યજ્ઞમાં સાંજે ૫.૩૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. આ ઉપરાંત હનુમાન જયંતિ નિમિત્તે કેક કાપવામાં આવશે તેમજ રાત્રે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાશે. આ મહોત્સવમાં દર્શન લાભ મેળવવા તમામ ભાવિક ધર્મ પ્રેમીઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

શૈલેષ ચંપકલાલ મુનશી
ફાઇનાન્શીયલ અને ઇન્સ્યોરન્સ એડવાઈઝર

ગાંધીનગર ગમે

નાનપણથી અહીં આવીને વસ્યો હોવાથી અને ગાંધીનગર એક સુંદર શહેર હોવાથી મને ગમે છે.

નગરજનો

સરકારી કર્મચારીઓનું આ નગર શાંત અને સરળ લોકોથી ભરેલું છે. મનોજ લેકિનવાલા, મનીષ શાહ, દિપક ગઢીયા જેવા વ્યક્તિવિશેષોથી હું ઘણો જ પ્રભાવિત થયેલો છું.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

અહીં ઉજવાતા મેળા ને ધાર્મિક પ્રસંગોની વાત અનેરી છે. સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨ ની પ્રવૃત્તિઓ ખૂબ ગમે. મંદિરની શનિવારની આરતી અલૌકિક અનુભવ કરાવે છે.

નગરને બહેતર બનાવવા

શહેરમાં સ્વચ્છતા, જાહેર સુવિધાઓ બાબતે ઘણાં કામો કરવા જેવાં લાગે છે.

નગર માટે હું કરી શકું

નગરજનોની આધ્યાત્મિક ઉન્નતિ માટે કરવાનાં થતાં સઘળાં કામો માટે મારું પૂર્ણ યોગદાન આપવા હું પ્રતિબદ્ધ છું.

'હું જે કરું છું તે મારે મારા બાળકોને નથી કરવા દેવું'

શાળામાં ચોકીદારનું કામ કરતા પિતાની એક દિકરી રેવન્યુ તલાટી બની અને બીજી દિકરીએ કરાટેમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કર્યો : દિકરીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાતા મા-બાપની છાતી ગજગજ ફુલી

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૯

આ વર્ષે પ્રજાસત્તાક દિને રાજય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં તેમના વિસ્તારની સુશિક્ષિત દિકરીના હસ્તે ધ્વજવંદન કરાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ આદેશ અનુસાર ગાંધીનગરના સેકટર-૬ની સરકારી શાળામાં જે દિકરીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો તે દિકરીના પિતા તેજ સમયે શાળા સંકુલમાં ઉપસ્થિત હતા અને તેમની આંખમાં હર્ષ સાથે ગર્વના ઝળહળિયા ઉભરી આવ્યા હતા. આ એજ દિકરી હતી જેનો સમાવેશ તે સમયે ચારેક માસ પૂર્વે તા. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે મહાત્મા મંદિર ખાતે 'રેવન્યુ તલાટી' તરીકેના નિમણૂંક પત્ર મેળવનાર ઉમેદવારોમાં થતો હતો અને જયાં તેના પિતા ચોકીદારનું કામ કરે છે તેવી શાળામાં તેના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવાયો હતો. એક પિતા માટે આનાથી વધુ ગૌરવની વાત શી હોઈ શકે?

માત્ર ત્રણ ચોપડી ભણેલા ચતુરભાઈ પરમાર જયારે ૧૯૮૫માં પોતાના મોટાભાઈ સાથે ગાંધીનગર આવ્યા ત્યારે તેમની ઉંમર માંડ ૧૬-૧૭ વર્ષની હતી. પોતાના વતન ચાણસ્મા તાલુકાના જીતોડા ગામમાં રબારીઓની ગાય-ભેંસ ચરાવવાનું કામ કરતા ચતુરભાઈને ગાંધીનગરમાં કલરકામ કરવાનું કામ મળ્યું તો એ ચાલુ કરી દીધું. તે આદિવાડાની આસપાસ ખુલ્લામાં વિકસેલ છાપરા વિસ્તારમાં રહેતા હતા અને જે મળે તે કામ કરી લેતા. કલરકામ કરતા બનેલા મિત્ર કાનાએ તેમને આખું ગાંધીનગર બતાવ્યું હતું. હજુ તો તે કામમાં માંડ સેટલ થાય તે પહેલા તો પિતાએ તેમના લગ્ન કરાવી દીધા અને તેઓ પત્નિ ભાનુબેન સાથે કોલવડાનગર સોસાયટીના કોટે છાપરું બાંધીને રહેવા લાગ્યા. જો કે પત્નિ પણ તેમને કામગીરી મળે તેથી આસપાસના મકાનોમાં 'ઘરકામ' કરીને બે પૈસા રળવામાં તેમની મદદ કરવા લાગી હતી. બરાબર આ સમયે ચતુરભાઈને સેકટર-૬ની ઈન્કવારી ઓફિસમાં સફાઈ કામદાર તરીકે કામ મળ્યું હતું. જેમ જેમ તેમનું કામ ચાલતુ ગયું તેમ તેમ તેમનું રહેઠાણ પણ બદલાતું ગયું. વળી એમાં વાત રમતી હતી 'હું જે કરુ છું તે મારા બાળકોને કરવા દેવું નથી.'

ઉર્વિ ભણવામાં પહેલેથી હોંશિયાર હતી તથા શાળાની ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેતી હતી. આશરે ૧૯૯૮નો એ સમય હતો. તે સમયે સેકટર-૬માં સરકારી પ્રાથમિક શાળાના ફરતે કરવામાં આવેલ ફેન્સિંગની એંગલોને રાત્રે તોડી નાંખી ચોરી થઈ જતી હતી તેથી શાળાના મદદનીશ શિક્ષકની ભલામણથી ચતુરભાઈને રાત્રે ચોકીદારી કરવાનું કામ મળ્યું હતું. દિવસે સફાઈ કામદાર અને રાત્રે ચોકીદારની બેવડી ભૂમિકા ભજવતા ચતુરભાઈએ શાળા કંપાઉન્ડમાં બગીચો પણ વિકસાવ્યો અને ઘણા બધા ઝાડ વાવ્યા. તેમની નિષ્ઠા અને લગન જોઈ તેમને શાળા સંકુલમાં જ પાછળના ભાગે એક રૂમમાં રહેવાની સગવડ મળી જેથી પરિવારને હવે થોડું પાકુ મકાન મળ્યું. હવે તેમાં ચોથા સંતાન તરીકે વધુ એક દિકરાનો પણ ઉમેરો થયો હતો. શાળાના ઈન્દુબેન નિમાવત જેવા જાગૃત શિક્ષકો દ્વારા સતત બાળકોને અભ્યાસ કરાવવાની પ્રેરણા મળતી રહેતી હતી. મોટી દિકરી ઉર્વિએ ધો-૧૨ની બોર્ડની પરીક્ષા ફર્સ્ટ કલાસ સાથે પાસ કરી બે દિકરા પણ ભણવામાં હોંશિયાર હતા પરંતુ નાની દિકરી નિકિતાને ભણવા કરતા રમતગમતમાં જ વધુ રસ હતો. શાળાની ટીમ વતી તે ફુટબોલ અને ક્રિકેટ રમવા ઉપરાંત કરાટેની ટેકવોન ડો તથા જીત કુનેડો જેવી માર્શલ આર્ટ પણ શીખી હતી. ઉર્વિએ ચૌધરી મહિલા કોલેજમાં આર્ટસ

દિકરી જન્મી હતી જેનું નામ તેમણે ઉર્વિ રાખ્યુ હતું. પતિ પત્નિ બંને સતત મજુરી કરી બે પાંદડે થવા દિવસ રાત એક કરી રહ્યા હતા. પહેલી દિકરી પછી બીજો દિકરો અને ત્રીજા સંતાનમાં ફરી દિકરી તેમના ઘરે અવતરી ચુકી અને ચતુરભાઈ સફાઈ કામદાર તરીકે સેટ પણ થઈ ગયા હતા. આ સાથે તેમણે પોતાના સંતાનોને ભણાવવાનો નિર્ધાર કર્યો હતો કારણ કે તેમના મનમાં એક જ

ગ્રેજયુએશન કરવાનું ચાલુ કર્યું સાથે તેણે અમદાવાદની એક ખાનગી સંસ્થામાં નર્સિંગનો ડિપ્લોમાં પણ મોટી ફી હમેથી ભરવાનું સાહસ કરી ચાલુ કર્યો હતો. માતા સાથે કામમાં સાથ આપતી ઉર્વિએ બે વર્ષ નર્સિંગ કર્યા પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારીઓ આરંભી દીધી અને ઘણી બધી પરીક્ષાઓ આપી જેમાં એકવાર તો માત્ર ૩ માર્ક ઓછા પડતા મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરી શકી નહોતી.

અંતે સતત ધ્યેયલક્ષી મહેનત અને આત્મવિશ્વાસના પરીણામે તેણે ગૌણ સેવા પસંદગી મંડળની પરીક્ષામાં મેરિટ પ્રાપ્ત કરી મુખ્યમંત્રીની રૂબરૂમાં રેવન્યુ તલાટી તરીકેનો નિમણુંક પત્ર પ્રાપ્ત કરીને જ જંપી. આ દિવસ પરિવાર માટે અત્યંત હર્ષનો દિવસ હતો. બીજી તરફ નિકિતાએ પણ કરાટેમાં રાજયકક્ષાએ નહી પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ નવી દિલ્હી ખાતે રમી ભારતના ઓલમ્પિયન મેડાલિસ્ટ કુશ્તિબાજ સુશીલકુમારના હસ્તે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. આજે ઉર્વિ નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે કલેકટર કચેરીમાં કાર્યરત છે જયારે નિકિતા તેની રમતમાં વધુ આગળ વધવા કટિબધ્ધ બની આકરી મહેનત કરી રહી છે. નિકિતાને માર્શલ આર્ટમાં આગળ વધવા સાથે કોચ બની શાળાઓમાં છોકરીઓને 'સેલ્ફ ડિફેન્સ'ની તાલીમ આપવી છે. આટલી સિદ્ધિઓ સાથે શહેરમાં રાસ-ગરબા-નાટક જેવી સાંસ્કૃતિક અને મંચ પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર બંને બહેનોએ ચતુરભાઈ તથા ભાનુબેનને હૈયે ટાઢક પહોંચાડવા સાથે અનેક માટે પ્રેરણાની મિસાલ બની રહી છે.

પ્રતિભાવ આવકાર્ય : samirtalod@yahoo.com